## અમદાવાદથી દિલ્હી વચ્ચે સરકારી પ્રવાસ જેટ એરવેઝ દ્વારા કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : મસભ-102001-યુઓ-61-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 3-2-2001

*વંચાણમાં લીધો : (1) સામાન્ય વહીવટ વિભાગનો પત્રક્રમાંક : પરચ-1094-425-ઘ, તા. 8-2-'94.*

**પ રિ પ ત્ર :**

સરકારી કામકાજ અર્થે હવાઇપ્રવાસ સંબંધમાં ઉપર વંચાણમાં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા. 8-2-'94ના પત્રમાંની સૂચનાઓ અનુસાર ભારત તેમ જ વિદેશમાં સરકારી ખર્ચે કરવાના થતા વિમાની પ્રવાસ નેશનલ કેરિયર મારફતે કરવા તે અંગેની ટિકિટ એર ઇન્ડિયા અને ઇન્ડિયન ઍરલાઇન્સ દ્વારા ખરીદવી તથા ભારતની અંદરની સરકારી કામ માટે એવી ખાનગી ઍરલાઇન્સ દ્વારા પ્રવાસ કરી શકાશે, કે જેના ભાડાના દરો ઇન્ડિયન ઍરલાઇન્સના ભાડાના દરો કરતાં વધારે નહિ હોય, તે મુજબ છે. નવીદિલ્હી ખાતે યોજવામાં આવતી મીટિંગો તેમ જ તાકીદના સરકારી કામકાજ અર્થે અમદાવાદ દિલ્હી વચ્ચે ઇન્ડિયન ઍરલાઇન્સની સવારની ફ્લાઇટ દ્વારા પ્રવાસ કરવો સમય તેમ જ રૂટની દષ્ટિએ અનુકૂળ ન હોવાથી દિલ્હી ખાતેની સવારની મીટિંગો તેમ જ તાકીદના કામે સમયસર સવારે દિલ્હી પહોંચી શકાતું નથી. પરંતુ અમદાવાદ દિલ્હી વચ્ચે ખાનગી ઍરલાઇન્સ જેટ ઍરવેઝની સવારની ફ્લાઇટનો સમય નવી દિલ્હી ખાતે સવારનો કચેરીસમય અને મીટિંગસમયને અનુકૂળ હોઇ અને આ ફ્લાઇટનું ભાડું ઇન્ડિયન ઍરલાઇન્સના ભાડા કરતાં થોડું મોંઘું હોવા છતાં સરકારી અધિકારીઓને જેટ ઍરલાઇન્સની ફ્લાઇટમાં મુસાફરી કરવી ઉપયોગી થાય છે. આથી સામાન્ય વહીવટ વિભાગની ઉક્ત સૂચનાઓમાં નીચે મુજબ અંશતઃ સુધારો કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા યોજવામાં આવતી બેઠકો તેમ જ તાકીદના સરકારી કામકાજ અર્થે રાજ્ય સરકારના અધિકારીઓને કામકાજના દિવસે કચેરીસમય પહેલાં નવી દિલ્હી ખાતે અચૂક પહોંચવું જરૂરી હોય તેવા કામકાજ અંગે અધિકારીઓ તે દિવસે અમદાવાદથી દિલ્હી વચ્ચે ખાનગી ઍરલાઇન્સ જેટ ઍરવેઝની સવારની ફ્લાઇટ દ્વારા હવાઇપ્રવાસ કરી શકશે.

આ જોગવાઇનો ઉપયોગ અનિવાર્ય સંજોગોમાં વિવેકપૂર્વક અને કરકસરની સૂચનાઓને લક્ષમાં રાખી કરવા પણ આથી અનુરોધ કરવામાં આવે છે.

ઉપરોક્ત સૂચનાઓ અનુસાર સપ્ટેમ્બર, 2000 પછીના પડતર દાવાઓ પણ મંજૂર કરી શકાશે. આખરી થઇ ગયેલ દાવાઓ પુનઃ ઉખેડવાના રહેશે નહિ.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા. 12-1-2001ની નોંધથી મળેલ સંમતિથી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, નીતિન મહેતા
ઉપસચિવ, નાણાં વિભાગ

* * *